મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓને ચા-જમવાની સુવિધા પુરી પાડી

મોડાસા, તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે દેશવાસીઓના સંબોધન દરમિયાન લોકોથી કોરોનાના બચાવ અને જાગૃતતા ફેલાવવામાં સહયોગ માંગ્યો હતો અને રવિવારને જનતા કરફ્યુનું પાલન

કરવા અપીલ કરતા સમગ્ર દેશ સહીત ગુજરાતમાં જનતા કર્ફ્યુનો જબરજસ્ત સમર્થન મળ્યું છે. જનતા કર્ફ્યુમાં મોડાસા શહેર સજ્જડ બંધ રહ્યું હતું, બીજા દિવસે પણ ૧૪૪ કલમની કડક અમલવારીના પગલે સતત બીજા દિવસે પણ બજાર બંધ રહેતા શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને તેમના સ્વજનોની હાલત કફોડી બનતા મોહદીસે આઝમ મિશન તેમની મદદે પહોંચ્યું હતું ૨૯૦ થી વધુ દર્દીઓને ચા-કોફી નાસ્તા અને ફૂડ પેકેટની બે દિવસ સતત હૂંફ આપી હતી.

મોડાસા શહેરમાં મોહદીસે આઝમ મિશન નામની સંસ્થા લઘુમતી વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકોને ૩૬૫ દિવસ નિઃશુલ્ક ભોજન અને નિસહાય લોકોને ટિફિન પહોંચાડવાની અનોખી સેવા કરી રહી છે. આરોગ્ય નગરી તરીકે જાણીતા મોડાસા શહેરમાં મોટી સંખ્યામાં ખાનગી હોસ્પિટલોમાં સારવાર અર્થે દાખલ થયેલ રાજસ્થાન સહીત ગ્રામ્ય વિસ્તારોમાંથી આવેલ દર્દીઓની બજારો બંધ રહેતા હાલત કફોડી બની હતી. ચા-નાસ્તા અને જમવાની તકલીફ પડતા આ અંગેની જાણ મોહદીસે આઝમ મિશન સંસ્થાને થતા તાબડતોડ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ અને તેમાં સગા-સંબંધીઓને ટિફિન સુવિધા અને ચા-નાસ્તા અને બિસ્કિટની સુવિધા પુરી પાડી હતી. ૧૪૪ કલમની કડક અમલવારીના પગલે સતત બીજા દિવસે પણ બજાર બંધ રહેતા દર્દીઓને સહારે બીજા દિવસે મોહદીસે આઝમ મિશને ફૂડ પેકેટ પુરા પાડી માનવતાના દર્શન કરાવ્યા હતા.

મોહદીસે આઝમ મિશનના પ્રમુખ અશિકે રસુલ, ગુલામનબી બારીવાલા અરવલ્લી મહીસાગરના નિગરાન આરીફ સિધવા, ઉપ-પ્રમુખ ઝાહીદ બાંડી, ગુલામ બાંડી, યુનુસ સુથાર, આરીફ ઝાંઝ ડોકટર ઈમરાન પઠાણ હાજી શકીલ શૈખ, અશરફ સિધવા ઈમ્તિયાઝ બાંડી સલીમ ઉપાદ, ઈદરિષ સાબલિયા ઝાકીર બાંડી સાબિર ખોખર અબ્દુલ હમિદ ખેરાડા સિદ્દીક પટેલ તાહિર ચુડઘર વગેરે ખડેપગે રહ્યા હતા જ્યાં સુધી લોકડાઉનની પરિસ્થતી રહેશે ત્યાં સુધી મિશન જમવાની વ્યવસ્થા પુરી પાડવાનો નીર્ધાર વ્યક્ત કર્યો હતો.

જાહેરનામાના ભંગ બદલ જમણવાર રાખતા ફરીયાદ

હિંમતનગર તાલુકાના નવા ગામે રવિવારે એક ઈસમ દ્વારા પોતાના ઘરે જાહેર સામાજીક કાર્યક્રમ રાખીને જમણવાર કરી કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ આ ઈસમ વિરૂદ્ધ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાઈ હતી.

રવિવારે નવા ગામના દરબાર ફળીયામાં રહેતા લક્ષ્મણસિંહ ઈરસિંહ ઝાલાએ પોતાના ઘરે સામાજીક કાર્યક્રમ હોઈ અંદાજે ૭૦ થી વધુ માણસોનો જમણવાર રાખ્યો હતો. જોકે નોવેલ કોરોના વાયરસને લઈને જિલ્લા કલેક્ટરે કલમ ૧૪૪ અંતર્ગત ચાર લોકોથી વધુને ભેગા થવા પર પ્રતિબંધ મુક્યો હોવા છતાં લક્ષ્મણસિંહે જાહેરનામાનો ભંગ કરીને જમણવારનું આયોજન કર્યુ હતુ. એ.ડીવીજનના પી.એસ.આઈ. એ.જે. ચાવડાએ જમણવાર રાખનાર લક્ષ્મણસિંહ ઝાલા વિરૂદ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી.

ધાનેરા વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા વિદેશથી તેમજ અન્ય રાજ્યમાંથી આવેલા લોકોના ઘરે જઈને તેમની તપાસ હાથ ધરી

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા શહેરમાં કોરોના ને લઈને આરોગ્ય ખાતાની ટીમ પણ જોવા મળી રહી છે ધાનેરા તાલુકામાં વિદેશમાંથી સાત લોકો આવ્યા

હતા તેમાંથી છ લોકોને ૧૪ દિવસ ઘરમાં રહેવા બાદ તે લોકો સ્વસ્થ છે તે ઉપરાંત ધાનેરાના એક વ્યક્તિને ૧૪ દિવસ સુધી ઘરમાં રહેવાનો આદેશ કરવામાં આવ્યો છે તે ઉપરાંત અન્ય રાજ્યોમાંથી પણ ૫૦૦થી વધ આવ્યા છે તેમને પણ ૧૪ દિવસ સુધી ઘરમાં રહેવાનો જ આદેશ આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવ્યો છે તે ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા વિદેશથી તેમજ અન્ય રાજ્યમાંથી આવેલા લોકોના ઘરે જઈને તેમની તપાસ કરીને તેમના ઘર આગળ પોસ્ટરો મારવામાં આવી રહ્યાં છે તે ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા અપીલ પણ કરવામાં આવી છે કે વિદેશમાંથી આવેલી અથવા અન્ય રાજ્યોમાંથી આવેલ લોકો ઘરની બહાર ફરતા દેખાય તો તેમને જાણ કરવી તે ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા મહામારીને પહોંચી વળવા માટે ધાનેરાની મણીબેન હોસ્પિટલ ખાતે ૧૦૦ થી પણ વધુ બેટ તૈયાર રાખ્યા છે તે ઉપરાંત ધાનેરા વિસ્તારમાં આરોગ્ય વિભાગની ટીમો ઘરે ઘરે ફરી રહી છે અને લોકોના ચેકઅપ પણ કરી રહી છે ધાનેરાના આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે જે લોકો વિદેશ તેમજ અન્ય રાજ્યોમાંથી આવેલા છે અને તે લોકો ઘરમાં નહિ બહાર પડશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તે ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે જે કોઈ લોકોને કોરોના ના લક્ષણો જણાય તો તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં જઈને તપાસ કરાવી ધાનેરા ની સરકારી હોસ્પિટલમાં કે નહીં કરવાની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે.

ડીસા ૩૧મી માર્ચ સુધી 'લોક ડાઉન'

નગરપાલિકા ખાતે વિવિધ એસોસીએસનની બેઠકમાં નિર્ણય

ડીસા, તા. ૨૩

સમગ્ર રાજ્યમાં વધતા જતા કોરોનાના કેસોને લઈ ડીસા નગરપાલિકા દ્વારા નગરપાલિકા હોલમાં ડીસામાં કાર્યરત વિવિધ એસોસિએશનની એક અગત્યની બેઠક યોજાઈ હતી. જે બેઠકમાં તમામ એસોસિયેશનના હોદેદારો સહિત શહેરના જાગૃત નાગરિકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પાલિકા પ્રમુખ કાંતિલાલ સોની અને ચીફ ઓફિસર દ્વારા કોરોનાના વધતા જતા

વ્યાપ બાબતે ચિંતા વ્યકય કરી તકેદારીના ભાગરૂપે આગામી ૩૧ માર્ચ સુધી લોકડાઉન કરવાની માંગ પણ કરવામાં આવી હતી જેથી જન સ્વાસ્થયના વ્યાપક હિતને નજરમાં રાખી પાલિકા દ્વારા રજૂ કરાયેલ આ પ્રસ્તાવને તમામ એસોસિયેશનોના હોદ્દેદારોએ એકસુરે માન્ય રાખ્યો હતો તેમજ ઉપસ્થિત તમામ એસોસિયેશનના હોદેદારોએ સરકારના કામકાજમાં સહકાર આપવાની પણ ખાત્રી આપી પોતાના વ્યાપાર ધંધા સ્વૈચ્છિક બંધ રાખી પાલિકાને સહયોગ આપશે તેમ જણાવ્યું હતું. બાદમાં પોલીસે પણ બજારોમાં ફરી વેપારીઓ સાથે રાહદારીઓને પણ લોક ડાઉનમાં સહયોગ આપવાની અપીલ કરી હતી.

ડીસાની તમામ હોસ્પિટલોમાં રૂટિન ઓ.પી.ડી. બંધ

સમગ્ર દુનિયામાં તાજેતરમાં ફાટી નીકળેલ કોરોના વાયરસ સંક્રમણની પરિસ્થિતિને ધ્યાનમાં

રાખી ડિસા આઈ.એમ.એ. (ઇન્ડિયન મેડિકલ એસોસિએશન)ના તમામ ડોક્ટર્સ દ્વારા સર્વાનુમતે આગામી ૩૧ માર્ચ સુધી પોતાની રૂટિન ઓપીડી સેવાઓ મોકુફ રાખવાનો નિર્ણય કરેલ છે તેમજ આપની કોઈપણ તાત્કાલિક સારવારની પરિસ્થિતિ માટે બધા જ દવાખાના ખુલ્લા છે. ઈમરજન્સીની સારવાર દર્દીને દાખલ કરીને કરવામાં આવશે. તેમજ ઈમરજન્સી દર્દીને સારવાર પણ રેગ્યૂલર ફીમાં જ કરવામાં આવશે. તેમજ કોઈપણ દર્દીના ઈમર્જન્સી સિવાયના બધા જ ઓપરેશન મુલતવી રાખવામાં આવ્યા છે તેમ છતાં સામાન્ય તકલીફ માટે લોકો ડોક્ટર્સને ફોન અથવા વોટ્સએપ ઉપર તેની માહિતી મેળવી શકશો તેમજ આગામી ૩૧ માર્ચ પછી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ અને આગળનો નિર્ણય લેવામાં આવશે. આ નિર્ણય લેવા પાછળનો હેતુ ભીડભાડ ઓછી થાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે તબીબી અસુવિધા માટે આઈએમએ દ્વારા ખેદ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો પરંતુ અત્યારના સમયમાં દુનિયામાં સૌથી સુરક્ષિત આપણું ઘર જ છે. અનાવશ્યક મુસાફરી ના કરશો આપ અને આપના પરિવાર તંદુરસ્ત રહે એવી શુભકામના સાથે તબીબોના આ નિર્ણયને સહયોગ આપવા માટે ડિસા આઈએમએના પ્રમુખ ડો.ગીરીશ પંચાલ, સેક્રેટરી ડો. આલોક સીંઘલ અને ટ્રેઝરર ડો. ભૂપેશ ત્રીવેદી દ્વારા અપીલ કરવામાં આવી હતી.

ધાનેરા શહેરમાં હેર કટીંગની દુકાનો ચાર દિવસ માટે બંધ રાખવાનો સ્વેચ્છાય નિર્ણય

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા શહેરમાં નાઈ સમાજ દ્વારા એક અનોખી પહેલ કરવામાં

આવી છે નાઈ હેર કટીંગ એસોસિએશન દ્વારા ધાનેરા શહેરમાં હેર કટીંગ ની દુકાનો ચાર દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે આજથી લઈને ૨૬ માર્ચ સુધી હેર કટીંગ ની દુકાનો બંધ રહેશે કોરોનાં મહામારીનો લઈને તંત્ર એલર્ટ પર છે ત્યારે નાઈ સમાજના હર કટીંગ કરતા ભાઈઓ દ્વારા લોકોની સુરક્ષાને ધ્યાનમાં લઈને ચાર દિવસ પોતાના ધંધા-રોજગાર બંધ રાખવાનો નિર્ણય લીધો છે.

બનાસકાંઠાના ધાનેરા શહેરના કેટલાય લોકો રાજ્ય અને દેશના મહાનગરોમાં રહે છે તેમાંથી મોટા ભાગના લોકો ધાનેરા આવ્યા છે અને મોટી સંખ્યામાં હેર કટીંગ ની દુકાન ઉપર આવતા હોય છે ત્યારે હેર કટીંગ ની દુકાનદારો દ્વારા નિર્ણય લેવામાં આવ્યો કે બહારના લોકોનું હેર કટીંગ કરવામાં આવે અને કોરોના નો ચેપ ફેલાય તો ધાનેરા શહેરના કેટલાય લોકો કોરોના અસરગ્રસ્ત થઈ શકે છે તેથી જ ધાનેરામાં હેર કટીંગ એસોસિએશન દ્વારા પોતાના ધંધા-રોજગાર બંધ રાખી ને અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

હેર કટીંગ ની દુકાનમાં કામ કરનાર કારીગર રોજ કમાઈ છે અને રોજ ખાય છે છતાં પણ આ મહામારીમાં હેર કટીંગ ની દુકાન વાળો એ બંધ રાખીને લોકોને સુરક્ષા માટે આગળ આવ્યા છે તો બીજી તરફ હેર કટીંગ ના દુકાનદારો દ્વારા તંત્રને આગ્રહ પણ કરવામાં આવ્યો છે કે ધાનેરા શહેરમાં બહારથી લોકો આવી રહ્યા છે આ લોકો શહેરમાં ફરી રહ્યા છે તો આવા લોકોને ઘરે રહેવાની સલાહ આપવામાં આવે બીજી તરફ હેર કટીંગ એસોસિએશનના પ્રમુખ ઈન્દ્રભાઈએ જણાવ્યું હતું કે કોરોનાં ને લઈને આજથી લઈને ચાર દિવસ એટલે કે ૨૬મી માર્ચ સુધી ધાનેરા શહેરમાં હેર કટીંગ ની દુકાનો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રાંતિજમાં જનતા કરફયુમાં દરમિયાન ખાખી વર્દીમાં રહેલી માનવતા જોઈને તમે પણ કરશો સલામ

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ ને સલામ જનતા કરફયુમાં ખાખી વર્દીમા રહેલી માનવતા નિઃસહાય મંદબુદ્ધિના લોકોને વાહરે પ્રાંતિજ પોલીસ ફરજની સાથે માનવ ધર્મ નિભાવ્યો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રજોગ સંબોધનમાં કોરોના વાઈરસને હરાવવા માટે રવિવારે જનતા કરફયુના એલાન કરતા રવિવારે ગુજરાતમાં જનતા કરફયુને જબરજસ્ત સમર્થન મળ્યું હતું અને જનતા કરફયુમાં ઘર વિહોણા પરિવાર અને મંદબુદ્ધિના મુશ્કેલીમાં મુકાયા હતા ત્યારે પ્રાંતિજ પોલીસ આવા ઘર વિહોણા અને બે સહારા લોકોની મદદે પહોંચી ફૂડ પેકેટ સહિત બિસ્કિટનું વિતરણ કર્યું હતુ. પોલીસના આ ઉમદા કાર્યથી માનવતા મહેંકી ઉઠી હતી. સામાન્ય રીતે પોલીસ સામે ગંભીર આરોપ લાગતાં હોય છે અને સવાલો ઉભા થતા હોય છે પોલીસનું નામ સાંભળતાં જ સામાન્ય લોકોમા ફફડાટ આવી જાય છે કયારેક નાનું છોકરું રડતું હોય ત્યારે તેને ચૂપ કરાવવા મા-બાપ પણ પોલીસની બીક બતાવતા હોય છે ખાખી વર્દીમા કડક દેખાતા પોલીસમાં પણ માનવતા ભરી છે તેવું ઉદાહરણ પ્રાંતિજ પોલીસ દ્વારા પુરુ પાડવામા આવ્યું હતું જેમાં પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી.ચંપાવતના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ પીએસાઈ તથા પ્રાંતિજ પોલીસ કિરીટસિંહ, મોહનસિંહ, જગદીશભાઈ સહિતની પોલીસ ટીમ દ્વારા જનતા કરફયુનો ચુસ્તપણે પાલનની સાથે નગરમાં સુમસામ રસ્તાઓ ઉપર ઘર વિહોણા, મંદબુદ્ધિના લોકોને ફુટ પેકેટ અને બિસ્કિટનું વિતરણ કરી પોલીસ કર્મીઓએ ફરજની સાથે માનવ ધર્મ નિભાવ્યો હતો તેમણે સલામ કરવાનું મન થાય છે.

જિલ્લા ભાજપ મહામંત્રી આઈ બી વાઘેલાના માતૃશ્રી રઈબેનનુ અવસાન

ગાંધીનગર જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલા(રાયસણ)ના માતૃશ્રી રઈબેન બેચરજી વાઘેલાનુ રવિવારના રોજ અવસાન થયુ છે. તેમના અવસાન બદલ રાયસણના ગ્રામજનો તેમજ ભાજપના આગેવાનોએ પણ શોકની લાગણી વ્યકત કરી છે. જયારે સદગતના કૌટુંબિક સુવાળા ૨૩ માર્ચના રોજ રાખવામાં આવ્યા હતા. જયારે હાલ સમગ્ર દેશમાં કોરોના વાયરસની મહામારીના લીધે તકેદારી રાખી બેસણું મોકુફ રાખવામાં આવ્યુ હતુ. સદગતના દુખમાં સહભાગી થવા ટેલિફોનિક કોલ, એસ એમ એસ વિડયો દ્વારા દિલશોજી પાઠવવાનુ પણ રૂબરૂ મળ્યા તુલ્ય સમજાશે સ્વ રઈબેનના પુત્ર આઈ બી વાઘેલા મો ૯૮૨૫૦૩૭૭૮૫ નિતિનચંદ્ર બી વાઘેલા ૯૪૨૭૦૧૦૫૧૯ , શંકરજી વાઘેલા મો ૮૫૧૧૬ ૮૯૭૬૭ પર એ જણાંવ્યુ છે.

બનાસકાંઠા જિલ્લામાં હોમ ક્વોરોન્ટાઈનમાં રખાયેલ વ્યક્તિઓના ઘર આગળ સ્ટીકર લગાવાયા

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અજય દહીયાએ જણાવ્યું કે જે લોકો જિલ્લા બહારથી વતનમાં આવ્યા છે તેમને ૧૪ દિવસ સુધી હોમ ક્વોરોન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે. હોમ ક્વોરોન્ટાઈનમાં રખાયેલ વ્યક્તિઓના ઘર આગળ સ્ટીકર લગાવવામાં આવ્યા છે અને આવા ઘરોની મુલાકાત લોકોએ ન લેવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. દહીયાએ કહ્યું કે લોકોમાં એવી અવેરનેશ લાવીએ કે બહારથી આવનાર લોકોને મળવાનું ટાળે. તેમણે કહ્યું કે આરોગ્ય વિભાગની આશા વર્કર બહેનો, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર ઘરે ઘરે ફરી સર્વે કરી રહ્યા છે. તેમણે કોરોના સંક્રમણથી બચવા ૧૦૦ ટકા હોમ ક્વોરોન્ટાઈન થાય તે દિશામાં કામ કરવા અધિકારીઓને જણાવ્યું હતું. ડીડીઓએ કહ્યું કે જે લોકો વતનની બહાર શહેરમાં અથવા વિદેશમાં રહેતા હોય તેમની પણ માહિતી તેમના સગાસબંધીઓ પાસેથી મેળવવામાં આવશે. તેમણે લોકોને અપીલ કરતા જણાવ્યું કે ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના વડીલો ઘરની બહાર ન નીકળે તેની આપણે સૌ પરિવારજનો ખાસ કાળજી રાખીએ. તેમણે કહ્યું કે, જિલ્લામાં ૮,૫૬૦ જેટલાં શરદી, ખાંસીવાળા અને ટી.બી. તથા એચ.આઈ.વી. પોઝીટીવ લોકો પણ હોમ ક્વોરોન્ટાઈનમાં રહે તે માટે તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.મનીષ ફેન્સીએ જણાવ્યું કે કોરોના સંક્રમણના ચેપને અટકાવવા બહારથી આવેલ વ્યક્તિને ઘરના અલગ રૂમમાં રહેવાની વ્યવસ્થા રાખીએ. તે વ્યક્તિ માટે પલંગ, રૂમાલ, ચપ્પલ, બ્રશ સહિત તમામ વસ્તુઓ અલગ રાખીએ અને હોમ ક્વોરોન્ટાઈનના નિયમોનું ચુસ્ત પાલન થાય તેની તકેદારી રાખીએ. તેમણે કહ્યું કે, હોમ ક્વોરોન્ટાઈનમાં રાખેલ વ્યક્તિ પર સઘન વોચ રાખવામાં આવે છે. તે ઘરની બહાર નીકળે તો પાડોશીઓને પણ તેમનાથી સાવચેત રહેવા જણાવાયું છે.

બેઠકમાં નિવાસી અધિક કલેકટર એલ.બી. બાંભણીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક આર.વી. વાળા, નાયબ પોલીસ અધિક્ષક પંડ્યા, જિલ્લા તિજોરી અધિકારી જે. આઈ. દેસાઈ, પ્રાંત અધિકારી એસ.ડી. ગિલવા સહિત જિલ્લા ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આત્મનાદ ● ચોથા પાનાનું ચાલુ

ઉપયોગમાં લીધો છે એ સદાસર્વદા લોકહૃદયમાં અંકિત રહેશે. વિશ્વકર્માના પાંચ પુત્રો પૈકી મનુએ લોહકર્મ એટલે લુહારી કામ, મયે કાષ્ઠકર્મ એટલે કે સુથારી કામ, ત્વષ્ટાએ તામ્રકર્મ એટલે કે કંસારા કામ, તક્ષક-દેવક્ષે સુવર્ણ કામ એટલે કે સોની કામ અને શિલ્પીએ પાષાણકર્મ સ્વીકાર્યું. આ પાંચેય પૈકી સુથારી કામ કરવાવાળાની કહાની મય પુરાણોમાં પ્રસિદ્ધ છે. એવી લોકવાયકા છે કે, મહાભારતમાં જેનો ઉલ્લેખ છે એ લાક્ષાગૃહ મયે બનાવ્યો હતો. ગુજરાતમાં મેવાડા, ગુર્જર અને પંચોળી જાતિઓ વંશપરંપરાથી કાષ્ઠકલાનું કામ કરતી આવી છે. અમદાવાદના કાલુપુર સ્વામિનારાયણ મંદિરની અદભુત કાષ્ઠકોતરણીનું કામ કરઢ ગામના સુથારભાઈઓએ કર્યું છે. વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસનું સુંદર કોતરણીકામ ડભોઈના કાષ્ઠકલા નિષ્ણાતોએ કર્યું છે. ગુજરાતની કાષ્ઠકલા દેશ અને દુનિયામાં જાણીતી છે. દેશ વિદેશના લોકો ગુજરાતના કાષ્ઠકલા વૈભવને જોઈને આંખો પહોળી થઈ જાય છે.

એક જમાનો હતો પૃથ્વી ઉપર મંદિરો, મહેલો, ઘરોમાં લાકડાનો બહુ મોટા પ્રમાણમાં ઉપયોગ થતો. પ્રત્યેક લાકડું અને એની કોતરણી વૃક્ષની આગવી ઓળખ બનીને શોભતું હોય છે. એ વાત એટલી જ સાચી છે કે, પર્યાવરણ અને જંગલ સંરક્ષણ અને સંવર્ધનનું કાર્ય જેટલું મોટા પાયે હશે એટલા વધુ પ્રમાણમાં લાકડા ઉપલબ્ધ થશે અને કાષ્ઠકલાનો વૈભવ દિન-પ્રતિદિન વિસ્તરતો રહેશે. માણસના જીવનનો અંત નિશ્ચિત છે પણ કલાનું અસ્તિત્વ દીર્ઘ કાલીન છે. સદીઓથી ચાલી આવતી કાષ્ઠકલા એનું પ્રમાણ છે. ગુજરાત અને ભારતના મંદિરો, આવાસો, અલંકારો, નગરોની કાષ્ઠકલા ઐતિહાસિક વિરાસત સાથે અડીખમ ઉભી છે. કાષ્ઠકલા માનવીના હૃદયની અનુભૂતીની અભિવ્યક્તિનું અનોખુ પાસુ છે.

ધબકાર :

કાષ્ઠ સ્થાપત્ય એવી કવિતા છે જેને શબ્દ નથી હોતા.

વોર્ડ બનાવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જણાવ્યું હતું કે તા.૨૩-૩-૨૦ના રોજ ગાંધીનગર જિલ્લામાં કુલ ૮૯૫ આરોગ્યની ટીમો બનાવી હાઉસ ટુ હાઉસ સર્વેના ત્રીજા તબક્કાની કામગીરી હાથ ધરવામાં આવી છે જેમાં કુલ ૨૬૭૬૬૨ ઘરો આવરી લેવામાં આવનાર છે. આજરોજ બે શંકાસ્પદ દર્દીને દાખલ કરવામાં આવ્યા છે. આ બંને દર્દીના સેમ્પલ મોકલી આપવામાં આવ્યા છે. ગઈકાલે મોકલેલ એક સેમ્પલ આજે પોઝીટીવ જોવા મળેલ છે.

જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે વધુમાં જણાવ્યું હતું કે જિલ્લા પંચાયતની અલગ અલગ શાખાઓના અધિકારીશ્રીઓની તાકીદની મીટીંગ કરી ૨૦ ટીમો બનાવી પેસેન્જરના લીસ્ટમાંથી રેન્ડમલી પસંદગી કરી તેમની ગૃહ મુલાકાત લઈ હોમ કોરન્ટાઈન ફોર્મ ભરવા તેમજ કોન્ટેક્ટ ટ્રેસ કરવા જણાવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્યસ્તરે તમામ આરોગ્ય કેન્દ્ર અને તમામ ગામોમાં કોરોના જાગૃત્તિ બાબતના બેનર લાગવામાં આવ્યા છે. તમામ આરોગ્ય કેન્દ્ર પરથી ૮૯૩૭ પત્રિકાઓ વહેંચવામાં આવી છે. તમામ ગામમાં કોરોના જાગૃત્તિ બાબતની શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. આજરોજ જિલ્લામાં અલગ અલગ ગામમાં, પંચાયતમાં અને આરોગ્ય કેન્દ્રોમાં મળીને કુલ ૭૬જેટલી લઘુ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આજ રોજ કુલ ૪ સ્થળો પર ૧૨૬ લાભાર્થીઓને ઉકાળા વિતરણ કરવામાં આવ્યું છે.

જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મુનભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં ગત વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષે શરદી ખાંસી અને તાવના દર્દીઓની સંખ્યામાં ૧૦ થી ૧૨ ટકા જેટલો ઘટાડો છે. ગાંધીનગર જિલ્લામાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના કુલ ૨૦ પેસેન્જરની માહિતી મળેલ છે જેમની દિવસમાં બેવાર મુલાકાત કરવાની સૂચના આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં ૬૦ વર્ષથી વધુ ૪૪ સંપર્ક વ્યક્તિઓની માહિતી મળી છે. ગાંધીનગર જિલ્લામાં સરકારી હોસ્પિટલમાં કુલ ૩૭ આઈસોલેશન બેડની સુવિધા છે અને પ્રાઈવેટ હોસ્પિટલોમાં ૪૦ બેડની સુવિધા છે. આમ કુલ ૭૭ બેડ ઉપલબ્ધ છે. ગાંધીનગર જિલ્લામાં કુલ ત્રિપલ લેયર માસ્ક ૧૧,૩૪૦ અને એન ૯૫ - ૧૭૨૯ નંગ અને પીપીઈ કીટ ૭૧૦ છે તેમ છતાં આજ રોજ બીજા ૧૦૦૦૦ નંગ માસ્કની ખરીદી કરેલ છે. ગાંધીનગર જિલ્લામાં કુલ ૨૫ વેન્ટીલેટરની વ્યવસ્થા છે. પ્રેક્ષા ભારતી કોબા ખાતે ક્વોરાન્ટાઈન ફેસીલીટી માટે તૈયાર કરેલ છે. ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૧ જગ્યાએ ૨૭૮૨ બેડની વ્યવસ્થા થયેલ છે.

ગાબડું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટાડો થતાં તેની સપાટી ૭૬૧૦ રહી હતી. નિફ્ટી પ્રાઈવેટ બેંક ઈન્ડેક્સમાં ૧૭ ટકાનો ઘટાડો થયો હતો. એક્સિસ બેંકના શેરમાં ૨૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં ૧૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં પણ આવી જ સ્થિતિ રહી હતી. આ સપ્તાહ શેર માર્કેટ માટે ખુબ મહત્વપૂર્ણ રહે તેવી શક્યતા છે. માર્ચ મહિનામાં રોકાણકારો એક લાખ કરોડથી વધારેની રકમ પાછી ખેંચી ચુક્યા છે. વૈશ્વિક અર્થવ્યવસ્થા જોરદાર રીતે મંદી તરફ વધી રહી છે. શેરમાર્કેટમાં શુક્રવારના દિવસે જોરદાર ઉછાળો રહ્યો હતો. શેરબજારમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન ભારે હાહાકાર રહ્યો હતો. શુક્રવારના દિવસે જોરદાર રિકવરી થઈ હોવા છતાં સેંસેક્સમાં અને બેંચમાર્ક ઈન્ડેક્સમાં ૧૨ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. કોરોના વાયરસના કેસોની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે ત્યારે શેરબજારને ખુબ નીચી સપાટી ઉપર લાવવામાં કોરોના વાયરસની ભૂમિકા સૌથી મોટી રહી છે. શેરબજારમાં હાલ સુધારો થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. કારણ કો, કોરોના વાયરસ ઈન્ફેક્શનનો ડર ચિંતાજનકરીતે વધી રહ્યો છે. આરબીઆઈ અને સરકાર દ્વારા વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. આર્થિક સ્થિતિને સાનુકુળ બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ઘણી બધી બ્લુચીપ કંપનીઓ જંગી ડિસ્કાઉન્ટમાં કામ કરી રહી છે. કોરોના વાયરસના કેસો સતત વધી રહ્યા છે. શટડાઉનની લાંબાગાળાની સ્થિતિ મંદી તરફ લોકોને દોરી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. નેશનલ સિક્યુરિટી ડિપોઝિટરી લિમિટેડ દ્વારા જાળવી રાખવામાં આવતા આંકડામાં જણાવવામાં વિદેશી મૂડીરોકાણકારોએ ૪૯૫૦૭ કરોડની રકમ પાછી ખેંચી લીધી છે. ૨૦૦૮માં સેલિંગ ક્લાઈમેક્સ બાદથી એક સપ્તાહમાં સૌથી મોટો ઘટાડો નિફ્ટીમાં થઈ ચુક્યો છે. આજથી દેશના મોટા ભાગના રાજ્યોમાં લોકડાઉનની સ્થિતી છે. આવી સ્થિતીમાં તમામ કારોબારી હચમચી ઉઠ્યા છે. શેરબજારમાં પણ કારોબાર હવે ઘરથી ચાલનાર છે. આ પ્રથમ વખત થશે જ્યારે બ્રોકર રોકાણકારની જગ્યાએ ઘરથી તેમના બદલામાં રોકાણ કરનાર છે.

લાલઘુમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીએ લખ્યુ છે કે લોકડાઉનને હજુ પણ કેટલાક લોકો ગંભીરતા સાથે લઈ રહ્યા નથી. તમામ લોકો પોતાને અને પરિવારને બચાવવા માટેનુ હાલમાં કામ કરે તે જરૂરી છે. તમામ દિશાનિર્દેશોને જોરદાર રીતે પાળવામાં આવે તે જરૂરી છે. રાજ્યોને પણ મોદીએ લોકડાઉનના નિયમોને પાળવા માટે સુચના આપી છે.વડાપ્રધાનની અપીલ પર દેસભરમાં લોકોએ ગઈકાલે જનતા કર્ફ્યુ પાળીને જોરદાર નિયમો પાળ્યા હતા. આને લઈને મોદીએ ગઈકાલે લોકોનો આભાર પણ માન્યો હતો. સાથે સાથે કહ્યુ કે કે પડકાર ગંભીર છે. જો કે હવે કેટલાક એવા ફોટા આવ્યા છે જે દર્શાવે છે કે લોકોમાં લાપરવાહી દે